R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 38 DATE: 19-09-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## હિન્દુઓને વધુ બાળકો પેદા કરવાની અપીલની શિવસેનાએ ટીકા કરી

ધર્મને મજબુત બનાવવા માટે હિંદુઓને તેમની વસતી વધારવાની અપીલ કરનારા ભાજપના સાંસદોની ટીકા કરતાં શિવસેનાએ સરકારને યાદ અપાવ્યું છે કે વધુ પડતી વસ્તી એ ભારતીની દરિદ્રતાનું એક કારણ છે. અને આવા અભિપ્રાયોને ક્યારેય સમર્થન આપી શકાય નહીં.મહારાષ્ટ્રમાં ભાજપ સાથે ગઠબંધનમાં સરકાર ચલાવતી શિવસેનાએ સાથી પક્ષ પર આ વખતે વધુ તીવ્રતાથી હુમલો કર્યો છે.

કેટલાક સાધુ-સંતો અને ભાજપના સાંસદો મુસ્લીમોને ટક્કર આપવા માટે હિંદુઓ માટે ચાર લગ્નોની અને શક્ય હોય એટલા બાળકો પેદા કરવાની ભલામણ કરે છે.તે મામલે શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં સંપાદકીયમાં લખ્યુ છે કે આવા નિવેદનો પર ટીપ્પણી કરવાને બદલે ભાજપા સિનિયર નેતાઓ કે સરકારે આ મામલે તેનું વલણ સ્પષ્ટ કરવું જોઇએ.

માત્ર વસતી વધારીને તાકાત વધારી શકાય નહી.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ફેમીલી પ્લાનીંગના કાયદાને વધુ કડક બનાવવા માટે સરકાર પર દબાણ કરવું જોઇએ.નાસિકના તાજેતરમાં ભરાયેલ કુંભ મેળામાં વિશ્વ હિંદુ પરિષદના નેતા પ્રવીણ તોગડીયાએ હિંદુઓને વધુ બાળકો પેદા કરવા માટે કરેલા આહ્વાવાન પર આકરા પ્રહારો કરતાં શિવસેનાએ કહ્યું હતું કે એક બાજુ નાનું કુટુંબ ,સુખી કુટુંબ નો પ્રચાર થાય છે.તો બીજી બાજુ ચારથી પાંચ બાળકોની તરફેણ કરતાં નિવેદનો થાય છે. ભારતમાં હાલમાં વસ્તી વિસ્ફોટ થયો છે.આપણી દરિદ્રતાનું એક કારણ એ પણ છે.

જો વસ્તી વધશે તો રોજગારી અને ગરીબી વધશે જ તેમ જણાવતાં શિવસેનાએ કહ્યું કે બાળક ન થવું એ કોઇ અભિશાપ નથી.ઉલ્લેખનીય છે કે સાક્ષી મહારાજ સહિતના ભાજપના નેતાઓએ હિંદુઓને વધુ બાળકો પેદા કરવાની ભલામણ કરી હતી.આમ, હા તો એ હિંદુવાદી પક્ષો વચ્ચેજ હિદુઓની વસ્તીનો મામલો વિખવાદ બન્યો છે.

## પાટીદાર આંદોલનકારીઓ અને સરકાર વચ્ચે મંત્રણાઓનું આયોજન થતાં દાંડીયાત્રા મુલવતી રખાઇ

પાટીદાર આંદોલનકારીઓ દાંડીયાત્રા માટે મક્કમ હતા. અને સરકારે ચારે તરફ પોલીસફોર્સ પણ ખડકી દીધો હતો. રાજ્યની તમામ પ્રજાનું ધ્યાન એ તરફ કેન્દ્રીત હતું કે કાલે શું થશે ? પરંતુ સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે મંત્રણાઓનો દોર ચાલુ થાય અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે આ નેતાઓ વાતચીત કરે તેવો તખ્તો ગોઠવાતાં દાંડીયાત્રાને મુલતવી રાખવામાં આવી હતી.

ફરીથી એક વાર સહુના મનમાં ઉચાટ હતો. નેટ સર્વીસ બંધ થઇ જશે તેવા સમાચારે લોકોમાં ભારે ઉત્તેજના ફેલાવી હતી. પરંતુ આખરે હાર્દિક પટેલ આણી કંપની મુખ્યમંત્રી સાથે તેમના મુદ્દાઓ પર ચર્ચા કરવા સંમત થઇ અને ગુજરાતના અન્ય લોકોએ રાહતનો દમ લીધો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગુજરાત સરકારે ખાદ્ય ગોળની વ્યાખ્યામાં ફેરફાર કર્યા

ગુજરાત સરકારે ખાદ્ય ગોળની વ્યાખ્યામાં ફેરફારો કર્યા છે. અત્યાર સુધીમાં ખાદ્ય ગોળમાં ૯૦ ટકાથી ઓછું સુક્રોઝ યાને સુગર પ્રમાણ હોય તો તે અખાદ્ય અથવા સડેલો ગોળ ગણાતો હતો. હવે ૮૦ ટકાથી ઓછું સુક્રોઝવાળો ગોળ સડેલો ગણાશે.ગુજરાત સરકારે વિધાનસભામાં પસાર કરાવેલા ગુજરાત નશાબંધી સુધારા વિધેયક અંતગર્ત આ રીતે સડેલા ગોળની વ્યાખ્યામાં સુધારો કર્યો હતો. નશાબંધી વિભાગનો હવાલો સંભાળતા રાજ્યકક્ષાના પ્રધાન રજનીકાંત પટેલે ગૃહમાં જણાવ્યું હતું કે સોરાષ્ટ્રના શેરડી પકવતા ખેડુતોની રજુઆત હતી કે ભૌગોલિક તથા પર્યાવરણીય સ્થિતિને કારણે સૌરાષ્ટ્રમાં પાકતી શેરડીમાંથી ગોળ બનાવતી વખતે ૯૦ ટકા સુધી સુક્રોઝનું પ્રમાણ મળતું નથી.આ રજુઆત સંદર્ભમાં ગૃહસચિવના અધ્યક્ષપણા હેઠળ તા.૧૬-૩-૧૫ના ઠરાવથી નશાબંધી વિભાગ, ખોરાક અને ઔષધ નિયંત્રક વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા ખાંડ નિયામકને સાંકળીને એક ઉચ્ચ કક્ષાની સમિતિ બનાવાઇ હતી. જેણે રાજ્યના વિવિધ વિસ્તારોમાં પાકતી શેરડીના નમુનાઓનો પૃથ્થકરણ રિપોર્ટ એફએસએલ પાસેથી મેળવ્યો હતો અને તેમાં પણ સૌરાષ્ટ્રની શેરડીમાં સુક્રોઝનું પ્રમાણ ઓછુ મળતાં,સમિતિએ સડેલા ગોળની વ્યાખ્યામાં ફેરફાર કરવાની ભલામણ કરી હતી.જેને લક્ષમાં લઇને સરકાર દ્વારા સુધારા વિધેયક લવાયું હતું.

સડેલો ગોળ જેને કહેવામાં આવે છે તેનો અધિકતર ઉપયોગ દેશી દારુ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.જેથી ગોળની વ્યાખ્યામાં ફેરફાર થવાથી અનેકોને આ બાબતે ફાયદા થશે.વેપારીઓને અને દારુ ગાળનારાઓને બેઉને કાયદાની છટકબારીનો લાભ મળશે.

## હિન્દુ શરણાર્થીઓ વિઝા વિના ભારતમાં રહી શકશે

યુરોપમાં માઇગ્રન્ટસની સમસ્યા વિશ્વબરમાં ચર્ચાનો વિષય બની છે. ત્યારે ભારતે પાકિસ્તાન અને બંગલાદેશના શરણાર્થીઓને રાહત આપતો નિર્ણય લીધો છે. મોદી સરકારે આ બંને દેશોમાંથી આવેલા હિદુઓ અને અન્ય લઘુમતી નાગરિકોને વિઝા વિના ભારતમાં રહેવાની મંજુરી આપી દીધી છે.

પાકિસ્તાન અને બંગલાદેશમાં લઘુમતિઓ પર અત્યાચારના અને તેમની હત્યાના ઘટનાના ભયથી હિંદુ,શીખ,ખ્રિસ્તી.જૈન,પારસી અને બૌધ્ધ સમુદાયના અનેક નાગરિકો ભારતમાં આવી ગયા છે.તેમની પાસે કાયદેસરના દસ્તાવેજો પણ નથી જેમની પાસે પાસપોર્ટ વગેરે છે તેની સમયમર્યાદા પુરી થઇ ગઇ છે.લઘુમતી શરણાર્થીઓની ચોક્કસ સંખ્યા માલુમ નથી. પરંતુ એક અંદાજ મુજબ બંગલા દેશ,પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાંથી ભારતમાં બે લાખ હિંદુ અને શીખ શરણાર્થીઓ આવ્યા છે.

સરકારે આપેલી વિગતો મુજબ ૩૧ ડિસેમ્બર,૨૦૧૪ સુધીમાં ભારતમાં પ્રવેશેલા બાંગલાદેશી અને પાકિસ્તાની લઘુમતી સમુદાયના નાગરિકોને પાસપોર્ટ એકટ હેઠળના નિયમોમાંથી મુકિત્ આપી છે.અને ચોક્કસ સમયમર્યાદા પુરી થવા છતાં તેઓ અહી રહી શકશે.મતલબ કે આ બંન્ને દેશોમાંથી આવેલા શરણાર્થીઓ નાગરિકો તેમના વિઝાનો સમયકાળ પુરો થવા છતાં ભારતમાં રહી શકે છે. માનવીય આધારે આ નિર્ણય લેવાયો છે.

પાકિસ્તાન અને બાંગલાદેશમાં વસતા લઘુમતી હિંદુ પરિવારો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ભારત સરકારનો આ નિર્ણય તેમને રાહત આપશે

## ટેકનોલોજીના ઉપયોગથી ઇન્કમટેક્ષ રિર્ટન ફાઇલ થયાના ૧૦ દિવસમાં ટેક્સ રિફંડ મળશે

ઈન્કમટેક્ષ ભરનારાઓ માટે એક સારા સમાચાર છે. આયકર વિભાગ દ્વારા હવે માત્ર સાતથી દસ દિવસની અંદર આઇટી રીટર્ન ફાઇલ કરનારા કરદાતાને ટેક્સ રિફંડ કરવામાં આવશે.ટેકનોલોજીનો ઉપયોગ અને આધારકાર્ડ સાથે જોડાણના કારણે ઈન્કમટેક્ષ વિભાગને કામગીરીમાં સરળતા રહેતી હોવાથી તેઓ માત્ર દસ દિવસમાં કરદાતાઓનું રિફંડ તેમના એકાઉન્ટમાં જમા કરવી દેશે.

ઈન્કમટેક્ષ રિર્ટનનું વેરીફીકેશન આધાર્ ને અન્ય બેંક ડેટાબેઝ દ્વારા કરવાના કારણે ઈન્કમટેક્ષ વિભાગની કામગીરી સરળ અને ઝડપી બની છે.તે ઉપરાંત આઇટી રીર્ટન ફાઇલ કરનારા લોકોને પણ સરળતા પઢી રહી છે. ઈન્કમટેક્ષના અધિકારીઓ દ્વારા આ વહીવટી સરળતાના કારણે ૨૦૧૫-૧૬ના આર્થિક વર્ષમાં ટેક્સપેયરોના ખાતામાં તેમનું રિફંડ મોકલવાના કામગીરી પંદર દિવસ કરતાં ઓછા સમયમાં થઇ રહી છે.

એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા પ્રમાણે હવે એ વાત ભુતકાળ બની ગઇ છે કે ઈન્કમટેક્ષ વિભાગ સાથે રિંફંડ મેળવવાની કામગીરીમાં મહિનાઓ અને ઘણી વખત વર્ષ પસાર થઇ જતું હતું.નવું ઇલેકટ્રોનીક્સ વેરીફીકેશન,ઇ-ફાઇલીંગ સિસ્ટમ ગ્રાહકોને ખુબ જ અનુકુળ સાબિત થઇ રહી છે.તેના કારણેજ ઈન્કમટેક્ષ વિભાગ હવે એ પ્રયાસ કરી રહ્યુ છેકે ટેકસ પેયરોની તેમની રીફંડની રકમ ઓછામાં ઓછા એક અઠવાડીયા અને વધારેમાં વધારે ૧૦ દિવસ દરમિયાન તેમના ખાતામાં જમા કરાવવામાં આવે.

આ વર્ષમાં ઈન્કમટેક્ષના દર્શાવેલ આંકડાઓ મુજબ ૨.૬ કરોડ રીર્ટનો ફાઇલ થયાં છે.ગત વર્ષે ફાઇલ થયેલા રિર્ટનોનો આંકડો ૧.૬૩ કરોડનો હતો તેથી આ વર્ષે તેમાં ૨૬.૧૨ટકાનો વધારો નોધાયો છે.ઈન્કમટેક્ષ વિભાગના સેન્ટ્રલ પ્રોસેસીંગ સેન્ટર દ્વારા સાત સપ્ટે.ના રોજ ૪૫.૧૮ લાખ રિટર્ન નું પ્રોસેસીંગ કરવામા આવ્યું હતું અને ૨૨.૧૪ લાખ કરદાતાઓને વર્ષ ૨૦૧૫-૧૬નું સરવૈયું કાઢીને રિફંડ પણ કરીદેવાયું છે.આ સમયગાળા દરમિયાન ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ૩૨.૯૫ લાખ ઇ-રિર્ટનનું ચેકીંગ કરવામાં આવ્યું.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કોણે શું ખાવું અને શું ના ખાવું તે હવે વિકાસના નામે ચુંટાયેલ સરકારોએ નક્કી કર્યુ છે.લોકશાહી અને સરમુખત્યારશાહીમાં ભેદ હોય છે.ધાર્મિક આસ્થાને અન્ય લોકો પર કાયદાના ગોદે પાલન કરાવવા નિકળેલાઓને બંધારણ જેવી ચીજ આ દેશમાં છે તેની કમસે કમ ખબર હોવી જરુર છે.નાગરિક અધિકારોનું મુલ્ય અને તેનુ જતન સત્તા પર બેસીને કેવી રીતે થાય તે જાણવું જોવું ખુબજ અગત્યનું છે. કોઈની ધાર્મિક આસ્થા કે માન્યતા,અન્યો પર બહુમતીના જોરે કાયદા દ્વારા થોપી દેવી તે સરમુખ્યતારીશાહીનો હિસ્સો માની શકાય.

આ દેશમાં મતદારોને રીઝવવા માટે અનેક રાજકીય પક્ષોએ જ્યારે જ્યારે જરુર પડી ત્યારે બાંધછોડ કરી છે.ભારતીય જનતા પાર્ટીએ જ્યાં જ્યાં ચુંટણીઓ થઈ ત્યાં જઈને મોદીના વિકાસ અંગેનો ભ્રામક પ્રચાર કરીને મતદારોના વોટ ખંખેર્યા છે. તેમાં તેઓને યેનકેન પ્રકારનો ઉપયોગ પણ કર્યો છે.જો કે સત્તા મેળવવા માટે આજસુધીમાં સત્તા પર આવેલ તમામ રાજકીય પાર્ટીઓએ આ ખેલ બહુધા નિભાવ્યો છે. દોષ કોઈ એકનો નથી. પરંતુ હાલમાં જે કાંઈ થઈ રહ્યું છે તેમાં મતદારોને વધુ પ્રાધાન્ય આપીને રાજકીય પાર્ટીઓ ખેલ કરી રહી છે.જો કે સામાન્ય નાગરિકોને આ બાબતમાં કોઈ રસ નથી. એમને તો તેઓની જીવવાની ઢબમાં કોઈ બાંધછોડ કરવી પડે તેમાં રસ નથી.

હવે ખરેખર ન્યાયતંત્ર જે લોકશાહીની જાગીર ગણાય છે તેણે આ બાબતમાં પોતાનો મત રજુ કરવાનો છે.નાગરિકોના બંધારણીય અધિકાર બાબતે ન્યાયતંત્રે તમામને સમજ આપવાની જરુર છે.અને તે પણ કડક રીતે. કોઈપણ જાતના આડંબર કે રાજદ્રારી દબાણોને વશ થયા વગર.જો ન્યાયતંત્ર પોતાનો મલાજો જાળવશે તો દેશની પ્રજાને ન્યાયતંત્રમાં શ્રધ્ધા છે તે વિશ્વાસયોગ્ય જણાશે.કારણકે હવે તો એવી પરિસ્થિતિનું નિર્માણ થવા જઈ રહ્યું છે કે જે પક્ષની સરકાર આવે અને તેમાં જે ધર્મના લોકોની બહુમતી હોય, અને તેમના ધાર્મિક નેતાઓ જે કહે તે સર્વ પ્રજાએ પાલન કરવું પડશે.તે ધર્મ પાળવો પડશે અને તે કહે તે ખાવાનું ખાવું પડશે ? અચ્છે દિનની શરુઆત થઈ ચુકી છે.

જો કે પાટીદાર આંદોલને રાજકીય રીતે સત્તામંધ થઈ ચુકેલાઓની નિંદ હરામ કરી નાંખી છે. વડાપ્રધાન અમેરિકાના પ્રવાસે જવાના છે ત્યારે ત્યા તેમનો જે રીતે વિરોધ કરવાના સમાચાર આવી રહ્યા છે તે જોઈને વિશ્વના જમાદાર થવાના સપના જોનારાઓને ફાળ પડી છે.રાતોરાત ઉભી કરેલ પ્રતિષ્ઠા માં એકાએક કેમ ગાબડુ પડ્યું ?


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ** બતાવીશું.

**Tour Date 11 November,2015**

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * *


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૯)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૮૫ | બીએસસી.હોટેલ મેનેજમેન્ટ,એમબીએ. | ૨૯-૩-૮૬ | ૫૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૮૬ | બીએ.ઈન્ટરનેશનલ,હોટેલ મેનેજમેન્ટ | ૨૦-૩-૯૦ | ૨૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૮૭ | બીકોમ.(અંગ્રેજી મીડીયમ) | ૨૪-૨-૮૯ | ૨૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૮૮ | ૧૨,અંગ્રેજી મીડીયમ,ડીપ્લો.મલ્ટી મીડીયા.એની. | ૨૯-૬-૮૪ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૯ | બીએ.એમએસડબ્લ્યુ.હોસ્પી.મેનેજ.(આર્યલેન્ડ) | ૩૧-૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૩૯૦ | એમએસસી.બીએડ.ફુડ સાયંસ ટેક,(કેનેડા) | ૧૪-૧૧-૮૯ | ૨૦૦૦ડોલર | મેથો. | કુવારા |
| ૩૯૧ | બીઈ મીકેનીકલ | ૧૫-૧૨-૯૦ | ૩૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૨ | બીબીએ.ડીપ્લો.ફ્રેન્ચ ,ઈગ્લીંસ મીડીયમ | ૧૦-૧૦-૮૫ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૩ | એમએસસી.બીઈ મીકેનીકલ | ૨૧-૮-૭૬ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૭૨૧ | બીએ | ૪-૭-૭૮ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૨ | એલએલબી,એસએસડબલ્યુ.ડીએલએલ | ૭-૧૦-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૩ | એમ.બી.એ. | ૧-૧-૮૨ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૪ | એમ.કોમ. | ૨૧-૧૦-૮૫ | ૭૮૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૭૨૫ | પીટીસી.બીએસસી. | ૨૪-૩-૮૭ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૬ | માસ્ટર ઈન્ હ્યુમન રીસો.મેનેજમેન્ટ | ૬-૨-૮૫ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૭ | એસએસસી.આઈટીઆઈ.વાયરમેન | ૨૨-૬-૮૬ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૮ | એમકોમ.(એકાઉન્ટ.વીથ ફાયનાન્સ) | ૭-૧-૮૩ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૦ | ૧૨ પાસ.હોટેલ મેનેજમેન્ટ | ૮-૮-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૧ | પીટીસી.ડીપ્લોમાં.મીકેનીકલ.બીએ. | ૩૦-૫-૮૪ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીઈ ઈલેકટ્રીક | ૨૩-૧-૭૫ | ૭૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૪ | કોમર્સ,આઈટીઆઈ.એમએમસીપી,સીએનસી. | ૧૪-૧૦-૮૩ | ૧૩૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૬૭ | બીકોમ. મેડીકલ ટ્રાન્સક્રીપ્શન | ૨૩-૮-૭૪ | ૩૦૦૦ડોલર | મેથો. | છુટાછેડા |
| ૨૬૮ | બીએ. | ૧૧-૮-૬૯ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૭૦ | ૯ પાસ | ૩૧-૧૦-૮૭ | ૭૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૭૩ | ૧૨ પાસ,આઈટીઆઈ ફીટર | ૬-૯-૮૦ | ૭૫૦૦ | પેન્ટીકોસ્ટ | છુટાછેડા |
| ૨૭૫ | એમએસસી.બીએડ | ૨૬-૮-૭૨ | ૪૦૦૦૦ | સા.આર્મી. | વિધુર |

## ★ યુવતીઓ (૩૯) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨૧ | ફીઝીયોથેરાપી,અમેરીકા | ૧૮-૮-૮૧ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૨૬ | એમબીબીએસ.એમડી. | ૨૯-૧૦-૮૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૨૭ | બીબીએ.સીએનો કોર્ષ | ૧૩-૧૧-૮૨ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૪૧ | એમબીબીએસ.એમડી. | ૧૪-૧૨-૮૪ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૪૫ | એમકોમ.એમબીએ.(અમેરીકા) | ૨૫-૨-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૧ | જીએનએમ ૩ ૧/૨વર્ષ નર્સીગ | ૨૬-૪-૮૪ | ૨૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૭૭ | બીએસસી.લેબ ટેક,સેક્રટરી કોર્ષ | ૧૦-૬-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૭ | એમએસડબલ્યું. | ૨૫-૧૦-૭૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૯૧ | બીપીટી.ડીપ્લોમ. એવીએશન,હોસ્પી.ટ્રાવેલ.ટુરી. | ૨૪-૧૦-૮૫ | ૧૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૧૨ | જીએનએમ | ૧૨-૧૨-૮૭ | ૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૧૩ | બીઈ ઈન્ડીયા.એમબીએ.(ફાય.)અમેરીકા. | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૧૬ | એમ.પીએ.(થિયેટર)પીએચડી. | ૧૦-૧૧-૮૨ | ૧૩૦૦૦ | અલાયન્સ | કુંવારા |
| ૩૨૩ | જીએનએમ. | ૧૦-૧૨-૮૭ | ૧૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૨૬ | બીએ.ડોકટર ઈન આરોમા થેરાપી. | ૪-૮-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૫૦ | બીએ.બીએડ.એમ.એ.એમફીલ. | ૬-૧૦-૮૫ | ૪૬૮૦૦ | મેથો. | કુંવારા |
| ૩૫૪ | જીએનએમ | ૭-૩-૭૭ | ૧૯૪૫૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૫૬ | એમબીએ. એચઆર | ૧૫-૯-૮૭ | ૨૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૦ | એમએ.બીએડ. | ૨૫-૪-૭૬ | ૬૫૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૪૨૭ | બીએ.બીએડ(ઈગ્લીંસ) | ૨૯-૫-૮૫ | ૭૨૦૦ | મેથો. | કુંવારા |
| ૪૪૧ | બીએ. મ્યુઝીકલ ડીપ્લો.ડીગ્રી ૫ વર્ષ | ૨૦-૫-૮૫ | ૩૫૦૦ | આર.સી | કુંવારા |
| ૪૪૨ | ૧૨ પાસ. | ૩-૮-૭૫ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૪૩ | બીએ. પ્રીપીટીસી.સિવણ,બ્યટી પાર્લર | ૧-૮-૭૦ | ૩૫૦૦ | મેથો. | કુંવારા |
| ૧૨૩ | એમએ બીએડ.(ઈગ્લીંસ) | ૨૮-૬-૮૬ | ૪૩૦૦ | સીએનઆઇ | છુટાછેડા |
| ૧૪૩ | બીએ.એલએલએમ.એમએસડબલ્યુ. | ૧૧-૮-૮૩ | ૨૫૦૦૦ | સીએનઆઇ. | છુટાછેડા |
| ૧૪૫ | બીએસસી કેમેસ્ટ્રી | ૮-૬-૭૮ | ૧૪૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૪૬ | એમએ.બીએડ | ૭-૭-૭૩ | ૧૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# પુર્વ આઇપીએસ શ્રીકુમારને સાણસામાં લેવાની સરકારે તૈયારી આદરી

૨૦૦૨માં કોમી તોફાનોમાં તત્કાલિન મુખ્યમંત્રી મોદી સરકારની ભુમિકા વિરુધ્ધ આક્ષેપો કરનારા પુર્વ આઈપીએસ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ આર.બી.શ્રીકુમાર સામે ખાતાકીય કાર્યવાહી શરુ થઇ શકે છે.રાજ્ય સરકારની મંજુરી વગર નાણાવટી કમિશનમાં જુબાની આપવા સહિતના નવ મુદ્દાઓ સામેલ કરતી ચાર્જશીટ રાજ્ય સરકારે શ્રીકુમારને આપી છે.તેની સામે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલ દ્વારા અપાયેલ સ્ટે ઉઠાવી લેવાનો આદેશ હાઈકોર્ટના જસ્ટીસ એ.આર.શાહની કોર્ટ દ્વારા આપવામાં આવ્યો હતો.કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે નવ મુદ્દાઓની ચાર્જશીટ બબતે શ્રીકુમાર સરકારને ૨૦ ઓકટો.સુધી જવાબ આપી શકે છે.ત્યાં સુધી રાજ્ય સરકાર અધિકારી વિરુધ્ધ કોઈ પગલાં લઈ શકસે નહી.અલબત્ત શ્રીકુમાર હાઈકોર્ટના આદેશ વિરુધ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલમાં જઈ શકે છે.

કેસની વિગતો મુજબ આઈપીએસ અધિકારી આર.બી.શ્રીકુમાર ૨૦૦૨ા તોફાનો વખતે ગુપ્તચર વિભાગના વડા હતા. અને તેમણે તોફાનોની તપાસ માટે નિમાયેલા નાણાવટી અને શાહ તપાસ પંચ સમક્ષ જુબાની આપીને રાજ્ય સરકારની તોફાનોમાં નિષ્ફળતા ઉજાગર કરી હતી.તેમણે અગિયાર એફીડેવીટ નાણાંવટી પંચમાં કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે તોફાનો વિશે ગુપ્તચર વિભાગે આપેલા ઈનપુટ અને અહેવાલો ઉપર સરકારે કામ કર્યુ નહોતું.તેસહિતના નિવેદન તેમણે નાણાંવટી કમિશન તપાસ પંચ સમક્ષ કર્યા હતા.૨૦૦૫માં રાજ્ય સરકારે તેમને નવ મુદ્દાની ચાર્જશીટ આપી હતી.આ ચાર્જશીટને તેમણે પડકારતાં કેટે ચાર્જશીટ ગેરકાયદેસર ઠેરવી હતી.તેની સામે વર્ષ ૨૦૦૮માં રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

રાજ્ય સરકારનો આરોપ હતો કે આર.બી.શ્રીકુમારે તેમની ખાનગી ડાયરીને ઓફીશ્યલ ડાયરી ગણાવીને ઉચ્ચ અધિકારીઓની મંજુરી વગર આ ડાયરીને જાહેર કરીને રાજ્ય સરકાર અને તેના ઉચ્ચ અધિકારીઓની છાપ ખરડવાનો પ્રયાસ કર્યો હતો.રાજ્ય અને કેન્દ્ર સરકારના સંબધોમાં અંતર ઉભુ કર્યુ હતું.

આ ઉપરાંત તેમણે ગૃહસચિવ અને તપાસ પંચ માટે નિમાયેલ ખાસ સરકારી વકીલની વાતચીત રેકોર્ડ કરી હતી.અને બદઈરાદાથી તે મીડીયામાં જાહેર કરી હતી.જો કે સરકાર વિરુધ્ધ જનારા તમામ અધિકારીઓ અને એનજીઓ વિરુધ્ધ સરકારે હિસાબ બરાબર કરવાનો પ્રયત્ન જારી કર્યો છે તેવા આરોપો લોકો કરી રહ્યા છે.સરકારની કામગીરી વિરુધ્ધ જે જે પોલીસ અધિકારીઓએ વિરોધ નોધાવ્યો હતો તેમને યેનકેન પ્રકારે કોઈને કોઈ તેમની સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવી છે અન્યથા કોઈ કેસોમાં ફીટ કરી દેવાયા છે.આમ સરકારની વિરુધ્ધ જનારા અધિકારીઓને સત્તા સ્થાનેથી રાજકીય બદલો લેવાઈ રહ્યો છે તેવો સુર ચારે બાજુથી ઉઠી રહ્યો છે.કાયદામાં જેમની સામે આરોપો ઘડાઈ હતા તે તમામ પોલીસ અધિકારીઓને રાજકીય આશ્રય આપીને મુક્ત કરી દેવાયા છે.

કોઈપણ લડાઈ જીતવી હોય તો તમારા નક્કી કરેલા સ્થળે સમય કરતાં પંદર મીનીટ પહેલા પહોચી જાવ તો લડાઈમાં અવશ્ય તમારી જીત થશે તેવું નેપોલીયન બોર્નાપાટની સામે વિજય મેળવનારા સેનાપતિ નેલસને આ કહયું હતું. હું તે પ્રમાણે કરવાથી મારી જીંદગીની લડાઈમાં જીત્યો છું.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# યાકુબ-અફઝલની ફાંસી રાજકીય ઈરાદાઓથી પ્રેરિત : જસ્ટીસ શાહ

સંસદ પરના હુમલાના આરોપી ઠરેલા અફઝલ ગુરુ અને ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટના આરોપી યાકુબ મેમણને રાજકીય ઈરાદાઓથી ફાંસી આપવામાં આવી હતી તેવુ નિવેદન કરીને દિલ્હી હાઈકોર્ટના ભુતપુર્વ ચીફ જસ્ટીસ એ.પી.શાહે નવો વિવાદ સર્જ્યો હતો.એક ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં લો કમિશનના પુર્વ ચેરમેને કહ્યું હતું કે અફઝલના મામલામાં વહીવટી અવરોધો સર્જવામાં આવ્યા હતા. જયારે યાકુબની દયાની અરજીમાં થોડો ઘણો આધાર બચ્યો હતો. યાકુબના કિસ્સામાં ન્યાય પ્રક્રિયાનું સંપુર્ણ પાલન કરવામાં આવ્યુ ન હતું.અફઝલના કેસમાં તેની દયાની અરજી લાંબા સમયથી પેન્ડીંગ રખાઈ હતી અને સરકારે પછી અચાનક તેને ફાંસીએ લટકાવી દીધો હતો.

જસ્ટીસ શાહ મુજબ યાકુબના કેસમાં જજો વચ્ચે વૈચારિક મતભેદો હતા. દયાની અરજી ફગાવ્યા પછી ૧૪ દિવસનો સમય અપાય છે. પરંતુ સરકારે ઉતાવળીયું પગલું લીધું હતું.તમામ કામગીરી રાજકીય ઈરાદાપ્રેરિત હતી. આમ ન્યાય પાલિકા સાથે સંકળાયેલ અનેક લોકોએ યાકુબની ફાંસી અંગે વિવાદો સર્જાય તેવા નિવદેનો આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટના દ્વાર યાકુબના કેસમાં રાત્રે ખોલવામાં આવ્યા તે પણ ન્યાય પાલિકામાં એક ઈતિહાસ બન્યો હતો તેની પણ કેટલાક લોકોએ ટિકા કરી હતી. ન્યાયપાલિકાઓ પર છેલ્લા કેટલાક સમયથી ટીકાઓ થઈ છે.સુપ્રીમ કોર્ટના નામી વકીલ અને ભાજપના ખાસ કેસો લડતા રામ જેઠમલાણીએ પણ આ પ્રકારની રીતનો વિરોધ નોધાવ્યો હતો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# પટેલ-મરાઠાઓને અનામતનો મહારાષ્ટ્ર ઓબીસીનો વિરોધ

મહારાષ્ટ્ર અન્ય પછાત વર્ગ(ઓબીસી) સંગઠને ગુજરાતમાં પટેલોને અને મહારાષ્ટ્રમાં મરાઠાઓને અનામત આપવાનો વિરોધ કર્યો છે.મહારાષ્ટ્ર ઓબીસી સંગઠનના પ્રમુખ પ્રોફેસર શ્રવણ દેવરે તાજેતરમાં ભાજપના સાંસદ ડો.સુભાષ ભામ્રેને મળ્યા હતા અને આ વિરોધ દર્શાવ્યો હતો.ભામ્રે ઓબીસી સાંસદ મંચના સભ્ય છે.

ઓબીસી સંગઠને ભામ્રેને આ મુદ્દો સંસદમાં ઉઠાવવાની માંગણી કરી છે. દેવરેએ કહ્યુ હતું કે મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાય, ઉત્તરપ્રદેશમાં અને હરિયાણાંમાં જાટ સમુદાય, ગુજરાતમાં પટેલ સમુદાય સવર્ણ વર્ગમાં હોવા છતાં ઓબીસી કેટેગરીમાં સમાવેશની માંગણી કરી રહ્યા છે.આ સમુદાય ધનવાન છે અને શાસક પણ છે. કારણ કે જેને તે રાજ્યમાં તેમનું અનેક વર્ષથી શાસન છે.આથી મંડલ કમિશન સહિતના તમામ પંચે સુચવ્યું છે કે આ સમુદાયને અનામત ન મળવું જોઈએ. તેમણે કહ્ હતું કે આ સમુદાયોને ક્ષત્રિય વર્ગ અંતગર્ત અનામતનો લાભ આપવમાં આવે તો ઓબીસી સમુદાયને કોઈ વાંધો નથી.પરંતુ ઓબીસી કવોટાના હાલના માળખામાં કોઈ ફેરફાર ન થવો જોઈએ. તેમણે આ ઉપરાંત કહ્યુ હતું કે એમ.પી. સુદર્શન નચિઅપ્પન સમિતિએ ૨૦૦૫માં સંસદને ભલામણ કરી હતી કે મહત્તમ ૫૦ ટકા અનામતની મર્યાદા તોડી નાંખવી જોઈએ.મતલબ કે ૫૦ ટકાથી વધુ અનામત આપવું જોઈએ. જો આ ભલામણ સ્વીકારી લેવાય તો તમામ ક્ષત્રિય સમુદાયોને અનામતનો લાભ મળી શકે છે.

## જાણવા જેવું !

અમેરીકામાં સ્ટ્રીપ્ટીઝ અને કેબરે જોવા માટે પુરષો કરતાં સ્ત્રીઓ વધારે જાય છે.
ફ્રાંસની એક રીફાનરીમાં કામ કરતાં ત્રેપન વર્ષના એલન ગાર્સીયાએ સોથી વધારે સ્ત્રીઓ પર બળાત્કાર કરેલાના કિસ્સા પોલીસ દફતરે નોધાયેલા છે.
ઓલીવ ટ્રીનું આયુષ્ય ૧૫૦૦ વર્ષનું હોય છે.
કાચની શોધ ઈ.સ.૧૫૫૦માં ઈજીપ્તમાં થઈ હતી.
સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.
શાહમૃગની આંખો તેના મગજ કરતાં મોટી હોય છે.
એલીફન્ટ સીલ દસ મિનિટ જેટલા સમય સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે.
કોઈ પણ દરિયાઈ જીવ આટલો લાંબો સમય સુધી શ્વાસ રોકી શકતું નથી.
એલીફન્ટ સીલ રેતીના ઢગમાં મનુષ્યો કરતાં પણ વધુ ઝડપથી ચાલી શકે છે.
શાહમૃગની આંખો તેના મગજ કરતાં મોટી હોય છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# વિયેટનામ જવા માટે અમદાવાદમાં જ વિઝા કેન્દ્ર શરુ કરાશે

ગુજરાતમાંથી ધંધાર્થે કે ફરવા જવાના હેતુસર અનેક લોકોની જરુરીયાત છે કે તેઓ વિશ્વના અનેક પ્રવાસન સ્થળોની મુલાકાત કરે. પરંતુ કેટલીક અગવડોને ધ્યાનમાં લઈને લોકો તે બાબતે વિચારતાં નથી. વિયેટનામ પણ પ્રવાસન માટે એક અનેરુ સ્થળ છે.જેથી વિયેટનામ જવા માંગતા પ્રવાસીઓ વિઝા લેવા માટે દિલ્હી સ્થિત વિયેટનામની એમ્બેસીમાં જવું પડતું હતું. પરંતુ હવે વિયેટનામે અમદાવાદ ખાતે વિઝા માટેની સુવિધા માટે કેન્દ્ર શરુ કરતાં સરળતાથી વિઝાની કામગીરી અહીયાથી શક્ય બનશે.

વિયેટનામના ભારત ખાતેના મંત્રી ટ્રાન ક્વાન તુયેને કોક્સ એન્ડ કિંગ્સ ગ્રોબલ સર્વીસીઝ મારફતે અમદાવાદમાં વિયેટનામ સુવિધા કેન્દ્ર ની શરુઆતની ઘોષણા કરી હતી.ભારતમાંથી દર વર્ષે ૫૫૦૦૦થી વધુ પ્રવાસીઓ વિયેટનામની મુલાકાતે જાય છે.જેમાંથી મોટો હિસ્સો ગુજરાતના પ્રવાસીઓનો છે.

વિયેટનામ એમ્બેસીના મંત્રી ટ્રાન ક્વાન તુયેને જણાવ્યું હતું કે વિયેટનામ દક્ષિણ એશીયાના દેશોમાં લોકપ્રિય હોલિડે ડેસ્ટીનેશન પણ બની રહ્યું હોવાથી વિયેટનામ સરકારે ભારતમાં કોલકત્તા,ચંદીગઢ,જયપુર અને અમદાવાદમાં વિઝા સુવિધા કેન્દ્રો શરુ કર્યા છે.આ વર્ષે ૭૫૦૦૦હજારથી વધુ પ્રવાસીઓ વિયેટનામની મુલાકાતે જશે તેવી તેઓની ધારણા છે.

# કન્નડના સ્કોલર અને રીસર્ચર પ્રોફેસર એમ.એમ.કાલબર્ગીની હત્યા,હત્યારાઓ ફરાર

કન્નડના સ્કોલર અને રીસર્ચર પ્રોફેસર એમ.એમ.કાલબર્ગીની હત્યા કરવામાં આવી હતી.હત્યાના મામલે હજુ સુધી કોઈ પકડાયા નથી.પરંતુ શંકાને આધારે પોલીસે રામ સેનાના સ્થાનિક વડાની ધરપકડ કરી છે.જો કે હત્યાને ચાર દિવસ થઈ ગયા હોવા છતાં પોલીસને હત્યારાઓના કોઈ સગડ મળ્યા નથી. જો કે હાલમાં પોલીસે પ્રસાદ અટ્ટાવરની શંકાને આધારે ધરપકડ કરીને પુછપરછ હાથ ધરી છે.રામસેના સંગઠન રાષ્ટ્રીસ સ્વયંસેવક સંઘની એક ભગીની સંસ્થા છે.જે કટ્ટર હિંદુત્વવિચારધારાનો અમલ કરવા સક્રિય છે.

# ૨૯ લાખ લોકોએ ધર્મની માહીતી જાહેર કરવાનું ટાળ્યુ

વસ્તી ગણતરી દરમિયાના લોકને તેઓ કયા ધર્મમાં માને છે તે અંગે પુછવામાં આવ્યું.જો કે ૨૯ લાખ લોકોએ જણાવ્યું કે તેઓ પોતાના ધર્મ અંગે કોઈ માહીતી જાહેર કરવા માંગતા નથી.જો કે આ સંખ્યા દેશની કુલ વસ્તીના માત્ર ૦.૨૪ ટકા છે. આ સંખ્યા ૨૦૦૧ની વસતી ગણતરી દરમિયાન સાત લાખ હતી. એટલે કે દસ વર્ષમાં આ સંખ્યામાં ૨૨ લાખનો વધારો થયો છે.પમ અહીં એક સવાલ ઉભા થાય છે કે આ લોકોને નાસ્તીક કહેવા કે કેમ .કેમકે વસતી ગણતરી દરમિયાન ૨૯ લાખ લોકોએ પોતાના ધર્મની માહીતી આપવાનું ટાળ્યુ હતું.

અરુણાચલ પ્રદેશમાં ધર્મ જાહેર ન કરનારાઓની સંખ્યા ટોચના સ્થાને છે. જ્યારે આંધ્ર પ્રદેશ આ મામલે બીજા ક્રમે છે. પણ દિલ્હી જેવું રાજ્ય ધર્મ જાહેર ન કરનારાઓની સંખ્યામાં છેલ્લા સ્થાને છે.જેમકે અરુણાચલમાં ૦.૪૮ ટકા લોકએ કહ્યું હતું કે તેઓ કોઈ ધર્મ જાહેર કરવા માંગતા નથી.જ્યારે ગુજરાતમાં ૦.૦૯૬ ટકા લોકોએ પોતાના ધર્મ જાહેર કરવાની ના પાડી હતી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અમેરિકાની પ્રથમ દસ યુનીવરસીટીમાં નીચેની યુની.નો નંબર આવે છે

તાજેતરમાં વિશ્વની પ્રથમ દસ શિક્ષણ સંસ્થાઓ માટેનો સર્વે કરવામાં આવ્યો. શાંઘાઈની જીયાઓ તાન યુની. દ્વારા વર્ષ ૨૦૧૫ માટે વિશ્વભરની યુની. માટે જારી કરાયેલ એકેડેમિક રેન્કીંગમાં ટોચની ૫૦૦ ટુની.માં ભારતની ફક્ત એકજ યુની.સ્થાન પ્રાપ્ત કરી શકી છે.અને તે છે બેંગ્લુરુ સ્થિત ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સને આ યાદીમાં સ્થાન મળ્યું છે.૨૦૦૩-૦૪માં પણ આ રેન્કીગમાં સ્થાન મેળવનારી એકમાત્ર યુની.માં પણ આજ યુની. હતી. તે સમયે તેનુ રેન્કીંગ ૨૦૦ની આસપાસ હતું.આ વખતે પણ તેણે ખુબ પીછેહઠ કરી છે.

પ્રથમ દસ યુની.માં અમેરિકાની આઠ યુનીવરસીટીનો નંબર આવે છે.

હાવર્ડ યુની., સ્ટનફર્ડ યુની., એમઆઈટી યુની.બ્રિકલી યુની., પ્રિન્સટન યુની.,કેલટેક યુની., કોલંબીયા યુની.,શિકાગો યુની. ,ઓકશફર્ડ યુની.

તો આનો અર્થ એવો થાય કે આપણા દેશમાં માત્ર વિદ્યાર્થીઓ પાસેથી નાણાં ખંખેરી લેતી યુની.ઓ અસ્તિત્વ ધરાવે છે.૨૦૧૦માં મેથેમેટીક્સમાં દુનિયામાં કુલ રિસર્ચમાં ચીનનો હિસ્સો ૧૭ટકા હતો જ્યારે ભારતનો બે ટકા હતો.મટીરીયલ સાયંસમાં ચીનનો ૨૬ ટકા અને ભારતનો ૬.૪ ટકા.ફીજીક્સમાં ચીનનો ૧૯ ટકા અને ભારતનો ૪.૬ ટકા.વિશ્વની મહાસત્તા બનવા ખુબ મહેનત કરવી પડે.

આપણા દેશમાં શિક્ષણ ખુબજ મોંઘુ બની ગયું છે.હવે તેની સાથે સાથે એક બાબત તો સ્પષ્ટ થઈ ગઈ કે મોંઘા શિક્ષણનું સ્તર આંતરરાષ્ટ્રીય સ્તરે ઝીરો છે.તો આ મોંઘુ શિક્ષણનો શો અર્થ. માત્ર રુપીયા માટે શિક્ષણની હાટડીઓ શા માટે ચલાવવી ?


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# આધારકાર્ડ નાગરિક માટે ફરજીયાત નહી રહે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડ બાબતે મહત્વનો આદેશ આપ્યો છે. તેમાં મુખ્યત્વે બે બાબતો સામેલ છે. એક તો આધાર કાર્ડ કોઇ નાગરિક માટે ફરજીયાત નહીં રહે અને બીજુ કે ચોક્કસ સરકારી લાભો મેળવવા માટે આધાર કાર્ડ ધરાવવું અનિવાર્ય નહીં હોય.જો કે, આ સ્પષ્ટતાઓ પછી પણ આધાર કાર્ડનો દરજ્જો હવે પાસપોર્ટ જેવો બની જશે. કેટલીક સુવિધાઓ કે લાભ મેળવવા માટે તે અનિવાર્ય હશે પરંતુ તે સિવાય દરેક નાગરિક માટે તે ફરજીયાત નહી જ હોય.સર્વિસ પ્રોવાઇડર જ્યારે નિયત કરે ત્યારે તેનો ઉપયોગ કરવાનો રહેશે.સરકારે સબસીડીને રોકડ ટ્રાન્સફર કરવામાં કોઇ ઉચાપતને અવકાશ ના રહે તે માટે રોકડ સબસીડી ટ્રાન્સફર માટે આધાર કાર્ડ પર બહુ મોટો મદાર બાંધ્યો છે.તે જોતા તે કેરોસીન જેવી ચીજો માટે હાલની બેવડી સબસીડી ખતમ થશે અને તે રોકડ ટ્રાન્સફર થશે ત્યારે તેના માટે આધાર કાર્ડ ફરજીયાત બની જશે.કોઇ વ્યક્તિ માત્ર આધાર કાર્ડ ના હોવાને કારણે કોઇ સરકારી યોજનાના લાભથી વંચિત ના રહે તે જોવાની જવાબદારી કોર્ટે સરકાર પર લાદી છે.જો કે સાથે સાથે કોર્ટે આધાર કાર્ડની ક્ષમતાઓનો પણ સ્વીકાર કરીને એલપીજી સબસીડી ટ્રાન્સફર અને ફુડ સબસીડી ટ્રાન્સફર માટે આધાર કાર્ડ અનિવાર્ય બનાવવાની સરકારની રજુઆતને સ્વીકારી છે.તે આવકાર્ય પણ છે.સરકારી સબસીડીઓના લાભ માટે બેન્ક ખાતાઓ સાથે આધારને જોડાણથી સબસીડી વિતરણમાં થતી ગોલમાલ અને ઉચાપત અટકી જશે. અન્ય દેશોમાં પણ જે રીતે સરકારી વેબસાઇટ્સ હેક કરવામાં આવે છે તે જોતાં આધાર કાર્ડ માટે એકત્ર કરાતાં અને વાપરવામાં આવતા ડેટાબેઝ અંગે વ્યક્ત કરવામાં આવેલી ચીંતાઓનો ઉકેલ વિચારવો જોઇએ.આધાર માટે એકત્ર કરાયેલી વ્યક્તિગત માહીતી કે બાયો મેટ્રીક્સ ડેટા કોઇને આપશે નહીં તેવી કોર્ટને સરકાર દ્વારા અપાયેલી ખાત્રી પર્યાત નથી.ભારતને લોકોની પ્રાઇવસી જાળવવા માટે જેના અલગ અલગ અર્થઘટન થઇ શકે તેવા હક્ક નહી પરંતુ એક કડક કાયદાની જરુર છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે બીજો એક મહત્વનો આદેશ જારી કર્યો હતો તેમાં જણાવાયુ હતું કે રાજ્યમાં મતદારયાદી શુધ્ધતા એ અધિકૃતતા કાર્યક્રમ અંતગર્ત મતદારોના આધાર નંબરને મતદારયાદીની વિગતો સાથે જોડવાની કામગીરી શરુ કરવામાં આવી હતી. જોકે સુપ્રીમે આ કાર્યક્રમને સ્થગિત કરવાનો આદેશ જારી કર્યો હતો.આ મુદ્દે રાજ્યના તમામ જિલ્લાઓના સત્તાવાર અધિકારીઓને જાણ કરી દેવાઇ હતી.મતદાર યાદીની વિગતો સાથે મતદારો પાસેથી આધારકાર્ડની વિગતો મેળવીને તેને મતદારકાર્ડ સાથે જોડવાનો હતો.પરંતુ આ ચુકાદાના પગલે ભારત ચુંટણી પંચ દ્વારા આધારકાર્ડને લગતી તમામ કામગીરી જેવી કે આધાર કલેકશન,ફીડીંગ તેમજ સીડીંગ તાત્કાલીક અસરથી સ્થગતિ કરવાના આદેશો જારી કરી દેવાયા છે.આ સુચનાઓનું ઉલ્લંઘન ના થાય તે જોવા પણ સુચનાઓ જારી કરી દેવાઇ છે.

દેશમાં સર્વમાન્ય એક કોઇ પણ ઓળખપત્રની આવશ્યકતા છે.પરદેશ માટે પાસપોર્ટ અને દેશની અંદર કોઇપણ એક ઓળખ નાગરિક પહેચાન પત્ર બનાવવાની જરુર છે.

# મુંબઇમાં મનસએએ જૈન મંદિરની સામે જ માંસનુ વેચાણ કર્યુ

મુંબઇમાં જૈનોના પર્યુષણ પર્વ દરમિયાન માંસના વેચાણ પર બે દિવસના પ્રતિબંધ અંગે રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.શિવસેના કરતાં મનસે(મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)એ આ નિર્ણયના વિરોધમાં એક ડગલું આગળ વધીને જૈન મંદિરની સામે જ માંસનો સ્ટોલ શરુ કર્યો હતો.જો કે તેની સોશ્યલ મીડીયા પર ટીકા થઇ હતી.

દરમિયાન શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેએ સવાલ કર્યો હતો કે દર વર્ષે પર્યુષણ પર્વમાં માંસનું વેચાણ કરતાવ અંગે પ્રતિબંધ ૧૯૯૪થી અમલમાં છે ત્યારે આ વર્ષે શું કંઇ ખાશ છે કે આ મુદ્દો આટલો ઉછાળવામાં આવી રહ્યો છે.જો કે જૈનોને ખુશ કરવા માટે ખાસ કરીને સત્તારુઢ પાર્ટીએ આ કાર્ય કર્યુ છે જેની અસરો મતદારો પર પડી શકે તેથી શિવસેનાએ તેનો વિરોધ કર્યો છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.